# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 08-10-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : WEDNESDAY** **National News**

**આકાશવાણી સમાચાર જયેશ પટેલ વાંચે છે.**

****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નવી મુંબઈ આંતરરાષ્ટ્રીય હવાઈમથકના પહેલા તબક્કાનું લોકાર્પણ કરતાં કહ્યું ભારત વિશ્વનું ત્રીજું સૌથી મોટું સ્થાનિક ઉડ્ડયન બજાર

2) યુનાઇટેડ કિંગડમના પ્રધાનમંત્રીએ ભારત-યુકે મુક્ત વેપાર કરારને યુરોપિયન સંઘ છોડ્યા બાદ યુકેનો સૌથી મોટો કરાર ગણાવ્યો

3) કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ હરિયાણામાં દેશના પ્રથમ વાણિજ્યિક ઇલેક્ટ્રિક ટ્રક બેટરી સ્વેપિંગ અને ચાર્જિંગ મથકનું ઉદ્ઘાટન કર્યું

4) બિહારમાં વિધાનસભા ચૂંટણી પ્રચારે વેગ પકડ્યો

5) આંધ્રપ્રદેશમાં ફટાકડાના કારખાનામાં વિસ્ફોટ થતાં છ કામદારોનાં મોત

..............................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# REV EVE MUMBAI - PM VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે નવી મુંબઈ આંતરરાષ્ટ્રીયહવાઈમથકના પ્રથમ તબક્કાનું ઉદ્ઘાટન કર્યું , જે ભારતના ઉડ્ડયન માળખામાં એક મોટો સીમાચિહ્નરૂપ છે. 19 હજાર 650 કરોડ રૂપિયાના ખર્ચે બનેલ આ હવાઈમથક ડિસેમ્બર સુધીમાં વાણિજ્યિક કામગીરી શરૂ કરે તેવી શક્યતા છે. ઉદ્ઘાટન પહેલાં , પ્રધાનમંત્રીએ નવી સુવિધા, તેની અદ્યતન ડિઝાઇન અને મુસાફરોની સુવિધાઓનું નિરીક્ષણ કર્યું. તેમણે દિવ્યાંગ બાળકો સાથે પણ વાતચીત કરી. આ પ્રસંગે સભાને સંબોધતા શ્રી મોદીએ કહ્યું , નવું હવાઈ મથક વિકસિત ભારતના વિઝનને પ્રતિબિંબિત કરે છે.

(બાઇટ : PM-ON-NEW-AIRPORT)

શ્રી મોદીએ કહ્યું, છેલ્લા 11 વર્ષમાં દેશના દરેક ખૂણે વિકાસ થઈરહ્યો છે.

(બાઇટ : PM-ON-VIKSIT-BHARAT)

તેમણે કહ્યું કે ભારત હવે વિશ્વનું ત્રીજું સૌથી મોટું સ્થાનિક ઉડ્ડયન બજાર બની ગયું છે. તેમણે ઉમેર્યું કે આ દાયકાના અંત સુધીમાં ભારતને વૈશ્વિક ઉડ્ડયન જાળવણી, સમારકામ અને ઓવરહોલ- MRO હબ બનાવવાનું લક્ષ્ય છે.

(બાઇટ : PM-ON-MRO-HUB)

. . . . . .

# MODI - UK PM

ભારતની તેમની પ્રથમ સત્તાવાર મુલાકાતે આવેલા યુનાઇટેડ કિંગડમના પ્રધાનમંત્રી સર કીર સ્ટાર્મરે ભારત-યુકે મુક્ત વેપાર કરારને યુરોપિયન સંઘ છોડ્યા પછી યુનાઇટેડ કિંગડમે કરેલા સૌથી મોટા કરાર તરીકે વર્ણવ્યો છે.

આજે મુંબઈની તેમની મુલાકાતના પ્રથમ દિવસે વેપારી નેતાઓને સંબોધતા , યુકેના પ્રધાનમંત્રીએ કહ્યું , યુનાઇટેડ કિંગડમ દ્વારા ભારતમાં મોકલવામાં આવેલું અત્યાર સુધીનું આ સૌથી મોટું વેપાર મિશન છે. યુકેના પ્રધાનમંત્રીએ બોલીવુડના મુખ્ય પ્રોડક્શન હબમાંના એક , અંધેરીમાં સ્થિત યશરાજ ફિલ્મ્સ સ્ટુડિયોની પણ મુલાકાત લીધી હતી. ત્યારબાદ તેમણે દક્ષિણ મુંબઈના કૂપરેજ ફૂટબોલ મેદાન ખાતે ઇંગ્લિશ પ્રીમિયર લીગ દ્વારા આયોજિત ફૂટબોલ શોકેસ કાર્યક્રમમાં પણ ભાગ લીધો.

અગાઉ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તેમના બ્રિટિશ સમકક્ષનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું. સોશિયલ મીડિયા સંદેશમાં , તેમણે કહ્યું કે તેઓ બંને દેશો માટે મજબૂત અને વધુ સમૃદ્ધ ભવિષ્ય માટે સાથે મળીને કામ કરવા માટે આવતીકાલે તેમની મુલાકાત માટે આતુર છે.

. . . . .

# PM-ARTICLE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રી ભૂપેન્દ્ર યાદવે લખેલો લેખ શેર કર્યો છે , જેમાં છેલ્લા દાયકામાં વન્યજીવન સંરક્ષણમાં દેશની નોંધપાત્ર પ્રગતિ પર પ્રકાશ પાડવામાં આવ્યો છે . સોશિયલ મીડિયા સંદેશમાં , શ્રી મોદીએ કહ્યું , આ લેખમાં પ્રજાતિઓના સંરક્ષણ અને ક્ષતિગ્રસ્ત રહેઠાણોને પુનઃસ્થાપિત કરવાના પ્રયાસોને રેખાંકિત કરાયા છે જે પર્યાવરણીય ટકાઉપણું પ્રત્યે દેશની મજબૂત પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.

. . . . . . . .

# GADKARI-HARYANA

કેન્દ્રીય માર્ગ , પરિવહન અને ધોરીમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ આજે હરિયાણાના સોનીપતના ગણૌર નજીક ગુજરાન ગામમાં દિલ્હી ઇન્ટરનેશનલ કાર્ગો ટર્મિનલ પ્રાઇવેટ લિમિટેડ ખાતે દેશના પ્રથમ વાણિજ્યિક ઇલેક્ટ્રિક ટ્રક બેટરી સ્વેપિંગ અને ચાર્જિંગ મથકનું ઉદ્ઘાટન કર્યું.

આ કાર્યક્રમને સંબોધતા તેમણે કહ્યું કે એ દિવસ દૂર નથી જ્યારે ભારત ઉડ્ડયન બળતણના ઉત્પાદનમાં પ્રથમ ક્રમે હશે અને ખેડૂતોને બળતણના ઉત્પાદન માટે પરાળનો ઉપયોગ કરવા વિનંતી કરી. તેમણે કહ્યું કે આપણા દેશમાં બાયો-બિટ્યુમેન બનાવવા માટે 5 મિલિયન ટન પરાળનો ઉપયોગ થઈ રહ્યો છે.

. . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો . આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો . વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . .

# BIHAR ELECTIONS

બિહારમાં વિધાનસભા ચૂંટણીની જાહેરાત બાદ રાજ્યમાં ચૂંટણી પ્રચાર વેગ પકડી રહ્યો છે. ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય મંત્રી ગિરિરાજ સિંહે કહ્યું , નીતિશ કુમાર NDA નેતાનો ચહેરો છે. તેમણે કહ્યું કે , બેઠક ફાળવણી ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે. પટણામાં મીડિયા સાથે વાત કરતા કેન્દ્રીય મંત્રી નિત્યાનંદ રાયે જણાવ્યું હતું કે NDA વિધાનસભા ચૂંટણી માટે સંપૂર્ણપણે તૈયાર છે. તેમણે કહ્યું કે નીતિશ કુમારના નેતૃત્વ હેઠળની NDA સરકાર બિહારના લોકોની સેવામાં સતત કાર્યરત છે.

બીજી તરફ, રાષ્ટ્રીય જનતા દળ-RJD એ સોશિયલ મીડિયા સંદેશમાં જણાવ્યું હતું કે ભારતીય કમ્યુનિસ્ટ પાર્ટી (માર્ક્સવાદી-લેનિનવાદી) લિબરેશનના નેતાઓએ ગઈકાલે વિપક્ષના નેતા તેજસ્વી યાદવ અને પક્ષના અન્ય ટોચના નેતાઓ સાથે બેઠક કરી હતી.

. . . . . . .

# EC- POSTAL BALLOT

ચૂંટણી પંચ આગામી બિહાર વિધાનસભા ચૂંટણીમાં વૃદ્ધો , દિવ્યાંગજન અને સેવારત મતદારોને પોસ્ટલ બેલે ટનો ઉપયોગ કરીને મતદાન કરવાની સુવિધા આપશે. પંચે સૂચના આપી છે કે 85 વર્ષથી વધુ ઉંમરના મતદારો અને માનક દિવ્યાંગતા ધરાવતા મતદારો પોસ્ટલ બેલેટ દ્વારા મતદાન કરી શકે છે . પંચે એક નિવેદનમાં જણાવ્યું હતું કે આવા મતદારો ફોર્મ 12-D નો ઉપયોગ કરીને આ સુવિધાનો લાભ લઈ શકે છે અને ચૂંટણીની સૂચના જારી થયાના પાંચ દિવસની અંદર તેમના બૂથ લેવલ ઓફિસર દ્વારા રિટર્નિંગ ઓફિસરને સબમિટ કરી શકે છે.

.........

# GST REFORMS- UP

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જાહેર કરેલા અને 22 સપ્ટેમ્બરથી શરૂ થયેલો GST બચત ઉત્સવ સમાજના તમામ વર્ગોને લાભ આપી રહ્યો છે. આજે , અમારા સંવાદદાતા ઉત્તર પ્રદેશના અર્થતંત્રને વેગ આપનારા GST સુધારાઓ પર એક અહેવાલ આપી રહ્યા છે.

(વોઇસ કાસ્ટ : SOMYA-GST)

. . . . . . . . . . .

# ANDHRA BLAST

આંધ્રપ્રદેશના ડૉ. બી.આર. આંબેડકર કોનસીમા જિલ્લાના રાયવરમ મંડલ ખાતે ફટાકડાના કારખાનામાં આજે થયેલા વિસ્ફોટમાં છ કામદારોના મોત થયા અને બે ઘાયલ થયા હતા. કામદારો ફટાકડા બનાવતા હતા ત્યારે આ ઘટના બની હતી. એકમમાં કોઈ ગેરરીતિને કારણે આ અકસ્માત થયો હોવાની સંભાવના છે . ઘાયલોને તબીબી સા રવાર માટે સરકારી હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા . મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુએ આ ઘટના પર શોક વ્યક્ત કર્યો હતો . તેમણે અધિકારીઓ પાસેથી અકસ્માતના કારણો , વર્તમાન પરિસ્થિતિ, બચાવ કામગીરી, તબીબી સહાય અને અન્ય બાબતો વિશે પૂછપરછ કરી હતી.

. . . . . . . . . . .

# GOVT-TIGERS

કેન્દ્રીય પર્યાવરણ મંત્રી ભૂપેન્દ્ર યાદવે કહ્યું ભારત દૂરંદેશી ટાઇગર @2047 યોજના હેઠળ દરેક સંભવિત વાઘના લેન્ડસ્કેપને સુરક્ષિત કરવા માટે કામ કરી રહ્યું છે. નવી દિલ્હીમાં ગ્લોબલ બિગ કેટ્સ ફોટોગ્રાફી સ્પર્ધા 2025 ના પુરસ્કાર સમારોહની અધ્યક્ષતા કરતા , શ્રી યાદવે કહ્યું કે ભારતે માત્ર તેના સંરક્ષણ માળખાને મજબૂત બનાવ્યા નથી , પરંતુ વિકાસ અને પ્રકૃતિ કેવી રીતે સાથે રહી શકે છે તે પણ વ્યાખ્યાયિત કર્યું છે . 2026 માં બિગ કેટ્સ સંરક્ષણ પર આગામી વૈશ્વિક સંમેલન પહેલાની ઘટના હતી . બિગ કેટ્સ સંરક્ષણમાં ભારતની સફળતાને શેર કરતા , શ્રી યાદવે નોંધ્યું કે છેલ્લા દાયકામાં વાઘની વસતિમાં 30 ટકાનો વધારો થયો છે, જેમાં દેશમાં 58 ટાઇગર રિઝર્વ છે.

. . . . . . . . . . . . . .